નં.ના.નિ./અ.જા.ક/શિ.વૃ./૨૦૨૧-૨૨/ ૧૭૮૩ થી ૧૯૮૩

નાયબ નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર
ફોન: ૦૨૭૪૨-૨૫૪૩૧૯
તા. ૦૭/૦૬/૨૦૨૧

**પરિપત્ર :-**

વિષય:- વર્ષ ૨૦૨૦-૨૧ માટે શિષ્યવૃતિની દરખાસ્તો મોકલવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર હેઠળના અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હેઠળની પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓની કામગીરી વર્ષ:૨૦૧૭-૧૮ થી ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત ઓનલાઇન કરવામાં આવે છે. ઓનલાઇન પોર્ટલ મારફત વિદ્યાર્થીઓની દરખાસ્તો સબંધિત શાળા/કોલેજના આચાર્યશ્રીઓ પાસેથી ઓનલાઇન મંગાવી નિયમોનુસાર મંજુર કરી પાત્રતા ધરાવતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને તેઓના બેંક ખાતામાં શિષ્યવૃતિ /સહાય સીધી ચૂકવવામાં આવે છે.

નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણ ,ગાંધીનગર ની તા. ૦૨/૦૬/૨૦૨૧ના રોજ વિડિયો કોન્ફરન્સ દ્વારા મળેલ સમીક્ષા બેઠકમાં મળેલ સુચના મુજબ વર્ષ ૨૦૨૧-૨૨ થી પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિના પોર્ટલમાં સુધારો થવાનો હોઇ તાત્કાલિક વર્ષ ૨૦૧૯-૨૦ તથા વર્ષ ૨૦૨૦-૨૧ના વિદ્યાર્થીઓ પૈકી શિષ્યવૃતિ ચુકવવાની બાકી હોય તેવા વિદ્યાર્થીઓને તા. ૧૫/૦૬/૨૦૨૧ સુધીમાં ચુકવણુ કરવાનુ થતુ હોઇ તમામ શાળા/કોલેજોએ વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ દરમ્યાન અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ શિષ્યવૃતિથી વંચિત રહી ન જાય તે બાબતનુ ધ્યાન રાખી તા. ૧૦/૦૬/૨૦૨૧ સુધી શાળા/કોલેજ લેવલે પેંડિંગ,વિદ્યાર્થી લેવલે પેંડિંગ તથા ઓફિસ લેવલથી ક્વેરી સુધારા માટે પરત કરેલ હોય તેવી તમામ અરજીઓ ઓનલાઈન તથા ઓનલાઇન કરેલ અરજીઓની હાર્ડ કોપી તેમજ જે શાળા/કોલેજોએ ઓનલાઇન અરજીઓ મોકલેલ હોય અને હાર્ડ કોપી અત્રેની કચેરીએ મોકલવાની બાકી હોય તેવી શાળા/કોલેજોએ તા. ૧૨/૦૬/૨૦૨૧ સુધી અત્રેની કચેરીએ મોકલી આપવી. જેથી સમય મર્યાદામાં શિષ્યવૃતિ ચુકવી શકાય.

વધુમાં અત્રેની કચેરીએથી જે અરજીઓ સુધારા માટે પરત કરેલ છે એવી તમામ અરજીઓ સુધારા કરીને જ મોકલવી, જો તા. ૧૦/૦૬/૨૦૨૧ સુધી ઓનલાઇન તેમજ ૧૨/૦૬/૨૦૨૧ સુધી હાર્ડ કોપી અત્રેની કચેરીને મળશે નહિં અને વિદ્યાર્થીઓ શિષ્યવૃતિથી વંચિત રહેશે તો તેની સંપૂર્ણ જવાબદારી શાળા/કોલેજો અને વિદ્યાર્થીઓની રહેશે. અત્રેની કચેરીની કોઇ જવાબદારી રહેશે નહી.

ઉક્ત તમામ કામગીરી કરતી વખતે સરકારશ્રી દ્વારા કોવીડ-૧૯ની પરિસ્થિતિ અંતર્ગત વખતો વખત જે સૂચનાઓ આપવામાં આવેલ છે તેનુ ચુસ્ત પાલન કરી કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

આ પરિપત્ર સબંધિત તમામ વિદ્યાર્થીઓના ધ્યાને મુકવા વિનંતી છે.

ક્રમાંક:–મા.વિ.૩/પરીપત્ર/૨૦૨૧/ ૨૨૧૩૩-૨૨૨૬૩

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જિલ્લો,પાલનપુર
તારીખ :૧૦/૦૬/૨૦૨૧

**૨/–નાયબ નિયામકશ્રીઅનુસૂચિત જાતિ કલ્યાણ,પાલનપુરના પત્ર ક્રમાંકઃ ના.નિ./અ.જા.ક./શિ.વૃ./૨૦૨૧–૨૨/ ૧૭૮૩–૧૯૮૩ , તા.૭/૬/૨૦૨૧ અન્વયે જાણ તથા ઉપરોકત વિગતે અમલ સારૂ.**

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/બિનસરકારી, મા.અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned by CamScanner